આંક–૭

# **શ્રી આર.આર. દેસાઈ, પ્રમુખ અધિકારી, મજુર અદાલત નં–૧ ભરૂચ સમક્ષ**

**રેફરન્સ (એલ.સી.બી.) નં–૫૫/૨૦૨૪**

**પ્રથમ પક્ષકાર** : મેનેજરશ્રી,
ભારત ગ્લાસ ટ્યુબ લી.,
પ્લોટ નં–૯૨૦૮ થી ૯૨૧૩,
જી.આઈ.ડી.સી. ઈન્ડ. એસ્ટેટ,
મુ. તા. અંકલેશ્વર, જી. ભરૂચ.

–:– **અને** –:–

**બીજા પક્ષકાર** : બિજેન્દ્રકુમાર સિંઘ
રહે. એ–૨૮, આનંદવિહાર કો.ઓ. સોસાયટી,
ગડખોલ પાટીયા પાસે, ઓ.એન.જી.સી. કોલોની નજીક,
ગડખોલ, તા. અંકલેશ્વર, જી. ભરૂચ.
રહે. ચીતલદા, તા. ઉમરપાડા, જી. સુરત.

**હાજર રહ્યા** : પ્રથમ પક્ષકાર તરફે ગેરહાજર.
બીજા પક્ષકાર તરફે પ્રતિનિધિશ્રી આર.કે. કાઝી.

## –:– **આંક–૧ નીચે હુકમ** –:–

(૧) હાલનો રેફરન્સ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૧૦(૧) અન્વયે મદદનીશ શ્રમ આયુક્તશ્રીના તા.૩૧/૦૮/૨૦૨૪ ના આંક–૧ ના હુકમથી નીચે જણાવેલ અનુસુચિ અનુસંધાને ન્યાય નિર્ણય કરવા માટે અત્રેની અદાલતને સુપરત કરવામાં આવેલ છે.

–:– **અનુસુચિ** –:–

શ્રી બિજેન્દ્રકુમાર સિંઘને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

(૨) બીજા પક્ષકાર તરફેના પ્રતિનિધિશ્રી તરફે આંક–૬ થી વીડ્રો પુરસીસ રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, "આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા બીજા પક્ષકારને આ કામ બાબતે વળતરની તથા ગ્રેજ્યુઈટીની લેણી રકમ

૩.૯૫,૭૦૦/- (અંકે રૂપીયા પંચાણું હજાર સાતસો પુરા) બે હપ્તાથી ઓનલાઈન બીજા પક્ષકારના બેંક ખાતામાં જમા કરાવવાની બાંહેધરી આપતાં સદરહુ રકમ પૈકીનો એક હપ્તો બીજા પક્ષકારના બેંક ખાતામાં ઓનલાઈન જમાં પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા કરાવવામાં આવેલ હોઈ" આમ, આ કામના પ્રથમ પક્ષકાર તથા બીજા પક્ષકાર વચ્ચે કોર્ટ બહાર અંદરો-અંદર સમાધાન થઈ ગયેલ હોઈ આ કામ જરૂર જણાયે ફરીથી બોર્ડ ઉપર લેવાની શરતે પરત ખેંચવા પરવાનગી માંગતા હોઈ આથી બીજા પક્ષકાર તરફેના પ્રતિનિધિની આંક-૬ ની વીડ્રો પુરસીસ આધારે સદર કેસ પરત ખેંચવાની પરવાનગી આપી તે અન્વયે નીચે મુજબનો એવોર્ડ કરવામાં આવે છે.

## -:- <u>એવોર્ડ</u> -:-

(૧) બીજા પક્ષકાર તરફેના પ્રતિનિધિની આંક-૬ ની વીડ્રો પુરસીસ આધારે સદર રેફરન્સ લોક અદાલતમાં ફેસલ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**તારીખઃ ૦૮/૦૩/૨૦૨૫**
**સ્થળઃ ભરૂચ**

**(રીન્કુ રાજેશ દેસાઈ)**
**જીજે ૦૧૦૮૯**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત નં-૧, ભરૂચ**

નયના કે. પ્રાંકડા, સ્ટેનોગ્રાફર